સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

જશે સત્તા પર સાપને લિસોટા પડી જશે !
ભાઈઓ અને પરિવારે વિખૂટા પડી જશે !
નખોરિયાં ઉપસી આવશે હસતા ચહેરે -
અને કુસંપની પીડામાં ઉંકાટા પડી જશે !
(વાત્સલ્યમાં વિખવાદ)

હાઈકુ

ખર્યા કાંગરા
પડ્યા ગઢે ગાબડાં
રહી ગ્યું નાક
(ભાજપ ની જીત)

ઝાલી ન 'ઝીંક'
પૈસા-પ્રવાહ સામે
તણાઈ કૉંગી
(કૉંગ્રેસ ની હાર)

ચિંતન

ભાવ અભાવ વિકારઃ ચ સ્વભાવાત્ ઈતિ નિશ્ચયી ।
નિર્વિકારઃ ગતકલેશઃ સુખેન એવ ઉપશાક્યતિ ॥

ઉપરોક્ત શ્લોક જ્ઞાન અષ્ટકમાંથી લેવામાં આવેલ છે.

ભાવ અને અભાવનો વિકાર સ્વભાવથી થયા કરે છે, એમ નિશ્ચયપૂર્વક જાણી લે તે નિર્વિકાર અને કલેશરહિત થઈ સુખેથી શાંતિ પામે છે.

ભાવ અને અભાવ એટલે કે સૃષ્ટિનું સર્જન અને વિનાશ, અથવા તો આ દેહનો જન્મને તેનો વિકાર એટલે જે કંઈ ફેરફારો થતા રહે તે.

અસતનું અસ્તિત્વ નથી, ને સતનું અનસ્તિત્વ નથી. ત્યાં ભાવ અને અભાવને હોવું અને નહોવું તરીકે પ્રયોજ્યા છે. અહીં પણ સૃષ્ટિ માટે કે દેહ માટે જે રીતે લઈએ તે રીતે, ભાવ અને અભાવ એટલે હોવું અને ન હોવું, એ જ અભિપ્રેત છે. કંઈ પણ વસ્તુ કે વ્યક્તિનું હોવું કે ન હોવું, એ સ્વભાવ મુજબ સહજ રીતે, પ્રાકૃતિક રીતે થયા કરે છે. ઋત એટલે કે વૈશ્વિક નિયમ જે છે તે મુજબ બધું થયા કરે છે. એમાં આપણું કોઈનું કાં ચાલતું નથી, બસ એટલું જે નિશ્ચયપૂર્વક જાણી લે છે તે પછી પોતે નિર્વિકાર અને કલેશરહિત થઈ, સૂખેથી શાંતિ પામે છે.

સુવિચાર

- રાત્રે ઝાડ પર પંખી ભેગાં થાય, ખ્હો ફાટે કે તરત ઊંડી જાય પણ એથી કંઈ ઝાડ થોડું સુકાય છે - **અખંડ આનંદ**
- વિકારી કે શિકારી બની ને કોઈની સુંદરતાનો ઉપભોગ ન માણી શકાય,
  તેને માટે તો તેના પૂજારી જ બનવું પડે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- હું શરીરનું અપમાન કરું છું, મનને હડધૂત કરું છું, સંકલ્પને સાંખતો નથી,
  વિકલ્પોમાં વિખરાવું છું ને છતાં ફરિયાદ કરું છું કે હું સુખી કેમ નથી ? - **એસ. ભટ્ટાચાર્ય**
- કર્મના સ્વરુપનો વિચાર કરવાથી મમતા આવે છે અને
  ધર્મના રૂપનું ચિંતન કરવાથી નિર્ભયતા આવે છે - **વિનોબા ભાવે**
- એવી રીતે જીવો કે અલ્પ ઓળખાણ વાળો માણસ પણ આપણી ચિંતા પર અફસોસનાં બે આંશુ પાડે - **બોધિવૃક્ષ**
- અનુકૂળ સંજોગોમાં જીવતો માણસ સુખી છે,
  પણ સંજોગોને અનુકૂળ બનાવીને જીવતો માણસ એથીયે વધારે સુખી છે - **ઈશિતા**
- આજનું ઔષધ : કમરકાકડીનું ચૂર્ણ બનાવી દૂધમાં નાખી ખીર જેવું બનાવી ખાવાથી રતવા મટે છે.

(સંકલન : દિપક બી. આશરા)

બોધકથા

શ્રદ્ધા વિશ્વાસનો પ્રારંભ થાય છે ત્યારે સઘળી ચિંતા-ઉપાધિનો અંત આવી જાય છે.

એક લોકલ રેડિયો સ્ટેશન પર એક દિવસ લોકોને પોતાની કોઈ ભલી ઈચ્છા વ્યક્ત કરવા રેડિયો પર બોલવાનું આમંત્રણ આપવામાં આવ્યું.

એક બાળકની માતા જે અતિ ગરીબ સ્થિતિમાં જીવતી હતી તેણે રેડિયો પર પોતાની વાત રજૂ કરતા કહ્યું, 'ઈશ્વર હંમેશા લોકોની મદદ કરે જ છે, ફક્ત સૌએ શ્રદ્ધા રાખી ટકી રહેવાનું હોય છે.'

એક નાસ્તિકે આ વાત રેડિયો પર સાંભળી. એણે એ સ્ત્રીની મજાક કરવા એક યુક્તિ વિચારી. એ સ્ત્રીનું સરનામું મેળવી એમે પોતાના માણસ સાથે મોંઘી કેક મોકલી. નાસ્તિકે કેક આપવા જનાર માણસને સૂચના આપી કે, 'પેલી સ્ત્રી જયારે એમ પૂછે કે આ કેક કોણે મોકલી છે ત્યારે તેને કહેવાનું કે એ તો શેતાને મોકલી છે.'

પેલો માણસ એ સ્ત્રીના ઘરે પહોંચ્યો કેકનું પાર્સલ સોંપ્યું. પેલી સ્ત્રી ખૂબ રાજી થઈ ગઈ. અને પેલા માણસનો આભાર વ્યક્ત કરી પછી કેક રસોડામાં મૂકી આવી.

પેલા માણસે પૂછ્યું, 'આ કેક કોણ મોકલીએ જાણવાની તમને ઈચ્છા થતી નથી?' ત્યારે પેલી સ્ત્રીએ કહ્યું, 'ના, જેણે પણ આ કેક મોકલી હોય એને મારા આભારની લાગણી પહોંચાડજો, કઈ વ્યક્તિ છે એ જાણવાનું ઝાઝું મહત્ત્વ નથી, કારણ કે 'ઈશ્વર આદેશ કરે છે ત્યારે શેતાન પણ એ આદેશનું પાલન કરે છે.'

એક સીમાચિન્હરૂપ જનાદેશ

તંત્રીસ્થાનેથી...

જનાદેશ આખરે જનાદેશ છે. ગુજરાતના શાણા મતદાતાઓ હજી એમ જ માને છે કે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન જરૂરી છે. નરેન્દ્ર મોદીનો કરિશ્મા ભલે થોડો ઝંખવાયો હોય પરંતુ હજી તેઓ પાર્ટીને જીત અપાવી શકે છે અને પોતાના કોંગ્રેસ મુક્ત ભારત અભિયાનમાં આગેકૂચ કરી શકે છે. ગુજરાતે એમને એ દિશામાં આગળ વધવાની લીલી ઝંડી આપતાંની સાથે મીઠી ચીમકી પણ આપી દીધી છે. વિપક્ષને સમૂળગો નેસ્તનાબૂદ કરી દેવાની સરમુખત્યારી ગુજરાતને સદી નથી. એથી જ કોંગ્રેસ છ મહિના અગાઉ સાવ જ મૃતઃપ્રાય સ્થિતિમાં હતી એને ગુજરાતી મતદાતાએ એક માનવંતા વિપક્ષની ગરિમા સાથે ઊંચકી બતાવી છે. અલબત્ત, આ ચૂંટણી વડાપ્રધાન અને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ બેઉ માટે પ્રતિષ્ઠાનો જંગ બની રહી હતી તો સામા પક્ષે રાહુલ ગાંધી માટે પણ એ નેતૃત્વના પ્રારંભનો લિટમસ ટેસ્ટ હતો. રાહુલ ગાંધી ગુજરાતની ચૂંટણીને આટલી ગંભીરતાથી લે એ જ મોટી વાત ગણાય. આ કોઈ નાનોસૂનો પડકાર નહોતો. ગુજરાત ભાજપનો જ નહીં, હિંદુત્વની વિચારધારાનો ગઢ બની ગયેલું રાજય. અહીં ગાંધી વિચારનું મહાત્મ્ય રહ્યું નથી અને છતાં ગાંધી વિચારના કેટલાક મુદ્દાઓ ઉપાડી નરેન્દ્ર મોદી નવા ગાંધી તરીકે ઓળખવા લાગ્યા છે. સરદાર પટેલનો નવો અવતાર મનાવા લાગ્યા છે. આમાં ઘણા બધાને ઘણા બધા વાંધાવચકા હોઈ શકે પરંતુ નવી પેઢી માટે તો નરેન્દ્ર મોદી જ ગાંધી, સરદાર, સુભાષ કે ભગતસિંહ છે. આવી ઈમેજ ઊભી કરવી એ પણ કોઈ નાની સૂની બાબત નથી. એમાં પાછો રાષ્ટ્રવાદનો વિશુદ્ધ રંગ ઉમેરી તેઓ સર્વમાન્ય બની રહ્યા છે. આજે ગુજરાતમાં એક માત્ર 'માસ લીડર' તરીકેની છાપ નરેન્દ્ર મોદી જ ઊપસાવી શક્યા છે. બેઠકોનો લક્ષ્યાંક ભલે પાર ન પાડી શકાયો હોય પરંતુ તેઓ 'સાઈઝેબલ' બહુમતી જીતી શક્યા છે. એમાં એમને અમિત શાહ જેવા ચાણક્યનો સહયોગ સાંપડ્યો. મુખ્યમંત્રી વિજય રૂપાણી માટે આ વિજય શુકનિયાળ એટલા માટે કે એમને સુકાની બનાવ્યા પછી વારંવાર એમના નેતૃત્વ સંદર્ભે શંકાકુશંકા રજૂ થતી રહી હતી. રૂપાણીને મુખ્યમંત્રી બનાવ્યા એની સામે પાટીદાર અને ઓબીસી - બેઉ વર્ગોમાં ગર્ભિત અસંતોષ હતો. હવે તેઓ એક મજબૂત નેતા તરીકે પ્રસ્થાપિત થશે. અલબત્ત, સૌરાષ્ટ્ર પૂરું સચવાયું નથી તે એમનું માઈનસ પૉઈન્ટ ગણાશે. અલ્પેશ ઠાકોર અને જિગ્નેશ જેવા નવ યુવાન નેતાઓને તક સાંપડી છે તે સારા સંકેત છે તો બીજી તરફ કોંગ્રેસના પ્રસ્થાપિત થવા મથતા નેતાઓ વિસ્થાપિત થઈ ગયા છે. નરેન્દ્ર મોદીએ ગુજરાતના પનોત્રા પુત્ર તરીકે પોતાનું નાક ન કપાઈ જાય એની વારંવાર વિનંતી કરવી પડી તે પણ સૂચક જ ગણાય. આ ચૂંટણીમાં અપક્ષોની કોઈ ભૂમિકા નથી હી અને દ્વિપક્ષી રાજકારણની જ આલબેલ પોકારાઈ છે. શંકરસિંહ વાઘેલા જેવા મોટા ગજાના નેતાની કારકિર્દી પર પૂર્ણવિરામ મુકાઈ ગયું છે. હિમાચલ અને ગુજરાત બેઉ રાજયોમાં ભગવો લહેરાવી મોદી વધુ એક કસોટીમાંથી હેમખેમ પાર ઊતર્યા છે તો વળી રાહુલ ગાંધી માટે પણ કોંગ્રેસને પુનર્જીવિત કરવા માટેની તક સરજાઈ છે. તેઓ સતત મેદાન ગુમાવી રહેલી કોંગ્રેસને સબળ પ્રાદેશિક નેતૃત્વ ધરાવતું સંગઠન ઊભું કરીને ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે વધુ પડકાર ઊભો કરવા સજ્જ બને તે પહેલાં કર્ણાટકનો ગઢ સાચવવાની પણ જવાબદારી એમના શિરે છે.

કોઈને મદદરૂપ થવાની ખુશી અનેરી હોય છે

અદબ-પલાંઠી
મોં પર આંગળી
ડો. સંતોષ દેવકર

'નાસાહેબ , મને નઈ , હરિયાને આપો.'

'કેમ ? તુ ના કેમ પાડે છે?'

'હરિયાએ બે દિ'થી કાંઈ ખાધું નથી.'

દિવાળીના દિવસો. જરુરીયાતવાળાને મદદરૂપ થવાની ઊંચી ભાવના. ગાડી લઈને નીકળી પડ્યા પિતા- પુત્ર. ગાડીની ડેકીમાં મિઠાઈના કેટલાક બોક્ષ મુકી દીધા. એક એવા વિસ્તારમાં જ્યાં દિવાળી થતી નથી . દીવડાં પ્રગટતાં નથી . ગરીબીને કારણે. દરેક શહેર-ગામમાં આવો એક વિસ્તાર મળી આવે છે. જેવી ગાડી ઊભી રહી કે તરત નાનાં નાનાં બાળકોગાડીને ફરીવળ્યાં. પુત્રએ ગાડીની ડેકીમાંથી કાઢીનેએક- એક મિઠાઈનું બોક્ષ પ્રત્યેક બાળકને આપ્યું . મિઠાઇના બે બોક્ષ વધ્યાં. તેણે સામે ઊભેલી બાળકીને બે બોક્ષ આપવા હાથ લંબાવ્યો . બાળકીબોલી , 'ના , સાહેબ ..... મને નઈ , હરિયા ને આપો .'

'આ હરિયો કોણ ? કેમ તેને બોક્ષ મળ્યુ નથી ?'

'ના એમ નઈ , હરીયા એ બે દિ ' થી કાંઈ ખાધું નથી .'

'કેમ નથી ખાધું ?' હવે પુત્રએ પ્રશ્ન કર્યો હતો.

'...એને તાવ આવે છે.' આટલું કહેતાં તો બાળકીનો સ્વર ગળગળો થઈ ગયો. હરિયો - નાનુ બાળક . એજ વિસ્તારમાં રહે. ઝૂપડાંથી થોડે દૂર . માં-બાપ કોઈ નહીં. અનાથ બાળક . બધા ઝૂપડાંવાસીઓ તેની કાળજી રાખે.

હરિયાને બેદિ'થી તાવ આવે છે. હરિયો ચારેક ઝૂંપડાં પછીના ઝૂપડે સૂતો હતો. બાપ-દીકરો બંને ઝૂપડાંમાં પહોંચી ગયા અને અંદરોઅંદરની વાતચીત પછી દીકરાએ કહ્યું, 'પપ્પા, હરિયાને મિઠાઈની નહીં દવાની જરૂર છે.'

આજુબાજુના બેચાર માણસોની મદદથી હરિયાને ઊંચકીને ગાડીમાં બેસાડ્યો. ગાડી હોસ્પિટલ તરફ રવાના થઈ .

અહીં પિતાજીનો આશય પૂરો થયો હતો. દીકરામા કાંઈક સંસ્કાર જેવું ઊગે તે હેતુથી મિઠાઈ વહેંચવાનો દરવર્ષનો ઉપક્રમ હતો. કાંઈક આપવાનો આનંદ - કોઈકને મદદરૂપ થવાની ખુશી અનેરી હોય છે.

અંદરનો દીવો ન પ્રગટે ત્યાં સુધી બહાર પ્રગટાવેલા હજારોદીવડાઓ નિરર્થક નીવડે છે. મિઠાઈ આપતી વખતે હદયની ભીનાશ અને જીભની મિઠાશ પણ ભળવી જોઈએ.

જેને જરૂરછે તેનેતે આપી શક્યાનો આનંદ પિતાજીના મુખપર દેખાતો હતો. ક્યારેક દવાય મિઠાઈ કરતાં વધુમીઠાશ ફેલાવતી હોયછે. 'પપ્પા,એને મિઠાઈ નહીં દવાની જરૂર છે' આ વાક્ય પિતાજીને ખૂબવ્હાલુ લાગ્યું હતું અને કેટલાય સમયસુધી મનમાં ગુંજતુ રહેલુ . પોતાના સંતાનો બીજાને - જરૂરિયાતવાળાને મદદરૂપ થવાની અનોખી રીત અપનાવે ત્યારે માં- બાપનો આનંદ બેવડાતો હોયછે. એ ગરીબ બાળકી કે જેને બેત્રણ મિઠાઈના બોક્ષ વધારાના મળી રહ્યાહતા. એ લઈ શકીહોત પરંતુ તેણે તેમ ન કરતાં હરિયાની ચિંતા કરી.

ઝૂપડાંમાં રહેતી નાની બાળકીએ પણ બાપ દિકરાને આજે એક પાઠ શિખવાડ્યો હતો. તમારી પાસે ઘણુંબધુ હોય ને પછી તમે બીજાને આપવા નિકળો, એ તો જાણે ઠીક, પરંતુ પાસે કાંઈજ ન હોવા છતા; હું મારા કરતાં વધુ જરૂરિયાતવાળાની ચિંતા કરું છુ. આ વિધાન ભારતીય સંસ્કૃતિનું દ્યોતક બને છે.

બીજાનું પડાવી લેવુ એ વિકૃતિ છે, પોતે ખાવું પ્રકૃતિ છે, જ્યારે પોતાના માંથી બીજાને આપવુ સંસ્કૃતિ છે.

ભારતીય સંસ્કૃતિનું જતન અને સંવર્ધન એ જ સાચુ પર્વ.

મિસરી

દર્પણોને એ પછી વાંધો પડ્યો ,
માણસો પણ જ્યારથી બટકી ગયા ...

- રવિદવે 'પ્રત્યક્ષ'

ઘર સે મસ્જિદ હે બહોત દૂર ચલો, યૂં કર લે કિસી રોતે હુએ બચ્ચે કો હસાયા જાયેં...

વિચારયાત્રા
ડો. જય ઓઝા

હમણાં જ એક સ્મરણીય પ્રસંગ બન્યો, હું અને મારા મિત્ર ગાડીમાં અમદાવાદ તરફ જઈ રહ્યા હતા, ત્યારે 'ગ' રોડ ઉપર એક વૃદ્ધની આસપાસ અર્ધનગ્ન, ચીંથરેહાલ લાગતા નાના ભૂલકાઓનું ટોળું ઊભું હતું, અને દાદા તેમને કશુંક આપતા હતા, અમે કુતુહલવશ આગળ જઈને ગાડી ઊભી રાખી, અને પાછા તેમને મળવા આવ્યા તો એ વૃદ્ધ છોકરાઓને પીપરમીટ વહેંચતા હતા, કદાચ નિંદા ફાઝલીના શબ્દો તેમણે બરાબર ગળે ઉતર્યા હતા.

ઘર સે મસ્જિદ હૈં બહોત દૂર ચલો યૂં કર લે,
કિસી રોતે હુએ બચ્ચે કો હસાયા જાયે.

વધારે પૃચ્છા કરતા ખબર પડી કે તેઓ નિવૃત્ત અધિકારી હતા, અને ફક્ત પીપરમીંટ જ નહીં, બીજા ખભે જે થેલો હતો તેમાં લોટ હતો, કિડીયારું પૂરવા માટે. આમ કરવાનો દાદાનો રોજનો ક્રમ હતો. ૧૫ મિનિટ અમે રસ્તા ઉપર ઊભા - ઊભા ગાળી હશે, તેમના વિશે- તેમના પરિવાર વિશે વિગતે વાત કરી અને અમારો પરિચય આપ્યો, ત્યારબાદ આ ઉમદા વ્યક્તિના ઉમદા કાર્યને બિરદાવીને છૂટા પડ્યા.

એક વખત નર્મદા કેનાલ ઉપરથી પસાર થતી વખતે જોયું કે એક ભાઈ સ્કૂટરને પુષ્કળ કીક મારી રહ્યા છે, સ્કૂટર ચાલું થતું નથી, અમારે આગળ જવાની ઉતાવળ હતી, થોડા આગળ ગયાને મન ન માન્યું તેથી પાછા વળ્યા, પૂછ્યું કે ભાઈ શું થયું છે? પેટ્રોલ ખૂટી ગયું ? પ્લગમાં કચરો છે ? તમે આગળ ચાલો ધક્કા મારતા-મારતા આપણે પેટ્રોલપંપ પર જઈને, અને ત્યારબાદ જાણે સ્કૂટર પણ માનવતાની કસોટી કરવા જ ઊભું રહ્યું હોય તેમ અમે ફક્ત મદદ કરવાની વાત કરી ત્યાં તો ચાલું થઈ ગયું.

ઉપરના બંને પ્રસંગોમાં આમ જોવા જઈએ તો વિશે, કાંઈ જ નથી, આપણામાંનો દરેક વ્યક્તિ આ કરી શકે તેમ છે, પ્રથમ પ્રસંગમાં ૭૫ વર્ષના વૃદ્ધને જયારે તેમના ઉમદા કાર્ય માટે અભિનંદન આપ્યા ત્યારે તેઓ ગદ્‌ગદ્ થઈ ગયા, અને જાણે કોઈ સંસ્થા તરફથી તેમનું બહુમાન કરવામાં આવ્યું હોય તેવી લાગણી, તેવા ભાવ તેમના મુખ પર જોવા મળ્યા. વિશેષ કોઈ ખર્ચ આ કામ કરવામાં નહોતો થયો, હા ફક્ત જરા થોડો સમય જ ખર્ચાયો હતો.

બીજા પ્રસંગમાં સૂમસામ રોડ ઉપર કીક મારી-મારીને થાકી ગયેલ વ્યક્તિ, ભર બપોરે પરસેવે રેબ-ઝેબ થઈ ગઈ હોય, ગળે શોસ પડતો હોય, ટાંટીયાની કઢી થઈ ગઈ હોય, ત્યારે તમને ત્યાં આવીને કોઈ પૂછે કે કેમ ભાઈ શું થયું છે ? કંઈ મદદ કરું ? સાક્ષાત્ ભગવાન મળ્યા હોય તેવું લાગે ને ! સામેનો વ્યક્તિ જે મુશ્કેલીનો સામનો કરી રહ્યો છે - તેની જગ્યાએ તમારી જાતને મૂકી દ્યો... તેની મુશ્કેલી તરત સમજમાં આવી જશે. આમાં પણ શું ખર્ચાયું તમારું ? પૈસાનો વ્યય તો થયો નથી કે જેની ગણતરી ઉપર અત્યારે તમે અને હું ચાલીએ છીએ. હા ! બગાડ થયો થોડા સમયનો ! ઑફિસથી રીસેસમાં એક અડધી ચા પીવા માટે કે વ્યસનની ટેવ હોય તો સિગારેટના ધુમાડા પાછળ પણ આપણે અમૂલ્ય સમય વાપરીને જ છીએ ને ! ત્યાં કયાં પૈસાની ગણતરી કરીને ચાલીએ છીએ ?

જરા ઊંડાણથી વિચાર કરીએ તો વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે આવી રીતે નિકટ આવવાના પ્રસંગ બને છે તે સમાજ - જીવન માટે મહત્ત્વના છે. પણ આપણે આપણા વર્તુળમાંથી બહાર નીકળતા જ નથી, ઈનમીનતીન અને બહુ બહુ તો બાજુ વાળા રમેશભાઈ ઓળખીએ ! ખલીલ ધનતેજવીએ સાચું કહ્યું છે :

લોક પાડોશીને પણ ના ઓળખે !
એ જ ખૂબી છે બિરાદર શહેરમાં,
રાખજે ખિસ્સામાં સરનામું ખલીલ,
છે અકસ્માતો ભયંકર શહેરમાં.

કોકવાર આવું કોઈ પરાક્રમ (એટલે ઉપરના બે પ્રસંગો જેવું) કરી જોજો. અથવા જેને અનુભવ હશે તેને ખબર હશે. આમ કરવાથી આપણે કેટલી હળવાશ અનુભવીએ છીએ, જયારે સામા વ્યક્તિની સાથે સંવાદ કરતા હોય ત્યારે એને જે સંતોષ મળે છે, જે આનંદ પ્રાપ્ત થાય છે, તેમના એ સંતોષ અને આનંદ જ આપણાને આનંદિત બનાવે છે.

પણ આજકાલની આપણી આ ફાસ્ટ લાઈફમાં આપણી પાસે જો સૌથી મોટી અછત હોય તે સમયની છે. આપણું કામ પેલા કાળા બજારીયા જેવું છે. પુષ્કળ પ્રમાણમાં વસ્તું હોય પરંતુ તેનો ગોડાઉનમાં સ્ટોક કરીને પછી બજારમાં તેની અછત પેદા કરે, તેમ આપણે ભરપૂર સમયનો સ્ટોક કરીને છતે સમયે અછત ઊભી કરી દીધી છે. I Have No Time કહેવું સ્ટેટસ સિમ્બોલમાં ખપે છે.

સવારે ઊઠીને પ્રાતઃ વિધિ પતાવવી, ચા-નાસ્તો કરી નોકરી ધંધે લાગવું, સાંજે આવી ખૂબ જ કર્યાના વહેમમાં આપણા થાકેલા શરીરને, જેમ જૂનો ભંગાર કોથળામાં ભરીને માળીને ચડાવીએ તેમ આપણા શરીરને કફની લેંઘામાં નાખીને સોફા પર પડીએ છીએ. ટી.વી. જોતા જોતા જમીએ કે જમતા-જમતા ટી.વી. જોઈએ ટૂંકમાં બેય ક્રિયા જેમ-તેમ પતારી પથારીમાં પડીએ, તે એમને વહેલી પડે સવાર !

આપણી આ મહત્ત્વપૂર્ણ દિનચર્યામાં જો ઉપર મુજબનો એકાદ પ્રસંગ ઉમેરીએ તો કદાચ આખા દિવસમાં કયારેક કોઈક ક્ષણ જીવી પણ જઈએ.

'અરધી સદીની વાચનમાળા'માં વાંચેલ પ્રસંગ યાદ આવે છે. 'આપવા' નો અર્થ ફક્ત કોઈ વસ્તુ આપવા પૂરતો નથી. મધુર સ્મિત, પ્રેમાળ વાણી અને લાગણી ભરેલો સ્પર્શ - એ પણ એક જાતનું દાન જ છે. રશિયન લેખથ તુર્ગનેવની વાર્તામાં એક માણસ, ભિખારીને આપવા માટે પોતાના ખિસ્સામાં કાંઈ જ ન હોવાના કારણે એની સાથે હાથ મિલાવે છે - ભિખારી હસીને કહે આ પણ એક દાન જ છે ને !

- jayuoza@gmail.com,
Mo. 9898046488

દીકરી દીવા જેવી છે, બે ઘરને પ્રકાશ આપે છે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

"મારા પપ્પાને નિયમિત રૂપે તમાકું અને વખતોવખત દારૂ પીવાનું વ્યસન છે, એમના વ્યસનોમાંથી હું તેમને છોડાવી શકું એની શક્તિ મને આપો અને તેઓ વ્યસનોમાંથી છૂટી શકે તેવી સદબુદ્ધિ તેમને આપો..."

ગામડા ગામની એક દીકરી રમાએ લખેલી આ વાત છે. વાચકને પ્રશ્ન થાય કે લખ્યું છે કોને ? આપની જીજ્ઞાસાનો જવાબ શોધવા એ ગામડા અને એ પરિવાર સુધી પહોંચવું પડે તેમ છે.

છેલ્લા બે-ત્રણ દાયકા દરમિયાન પશ્ચિમી વાતાવરણ - વિચાર સરણી - જીવન ધોરણ - મોજશોખ - આ બધું જ મહાનગરોની જેમ ગામડામાં પણ બદલાતું ચાલ્યું છે. સંદેશા વ્યવહારના અનેક સાધનો- મનોરંજનની વિકસતી દુનિયા અને માનસિકતામાં આળસ ઘર કરી જવાથી કેટલાક કિસ્સામાં ઘરનો યુવાન કે મોભી જીવનમાં દિશા ભૂલી જાય, ખોટા માર્ગે ચડી જાય, પોતાનું અને ઘરનું - પરિવારનું જીવન બરબાદ થઈ જાય અને દિશામાં તે ગતિ કરી રહ્યો છે. રમાના પરિવારના કિસ્સામાં પણ આવું જ બન્યું હતું.

એના પિતાએ ગામડામાં પ્રાથમિક અને હાઈસ્કૂલ સુધીનો અભ્યાસ કર્યો. પછી શહેરમાં જઈને કૉલેજનો અભ્યાસ કર્યો. મા-બાપ ખેતી કરે ને પૈસા મોકલે. અભ્યાસ પુરો કર્યો - ફરી ગામડે આવશે, ખેતીને પશુપાલનના કામમાં વળગ્યો. યોગ્ય સમયે યોગ્ય પાત્ર સાથે લગ્ન પણ થયા. સમય જતા ભગવાનની ભેટ રૂપે ઘરમાં દીકરી રમાનો જન્મ થયો. અહીં સુધી બધું બરાબર હતું.

એકાએક એના પિતા ખેતીની કામમાં રસ લેવાના બદલે ગામની પંચાતમાં - નવરા માણસો સાથેની સંગતમાંને ખરાબ સોબતના કુંડાળામાં આવતા થયા. નાના નાના વ્યસનો ધીરે ધીરે મોટું રૂપ લેતા થયા. આ બાજુ દીકરી પણ મોટી થતી ગઈ, ખેતીની આવક ઘટતી ગઈ... મા-બાપે, સગા-વ્હાલાંએ સમજાવ્યો, રોક્યો, ટોક્યો પણ ન માન્યો એ માણસ... ઘરમાં દારૂ પીને આળે, ધમાલ કરે, પત્ની અને દીકરી ઉપર હાથ ઉપાડે, બોલ-ચાલમાં, આચારમાં વાણી-વિવેક ક્યાંયે દેખાય નહિ...

ધોરણ-૭મા જાણતી રમા છેલ્લા દોઢ-બે વરસથી આ બધું જોતી હતી. એ કોને કહે ? મૂંગી મૂંગી, સમસમીને એની માની સોડમાં થાકીને હારીને સુઈ જતી હતી.

એવામાં એક દિવસ જાણે નવા દિવસનો નવો સૂરજ ઉગ્યો. રમા જે શાળામાં ભણતી હતી એ શાળાના પ્રિન્સિપાલ વાસ્તવમાં આદર્શ શિક્ષક અને સમાજ સુધારકની પરંપરાના હતા. એમણે શાળાના વિદ્યાર્થીઓને આપવાના અનેક પ્રોજેક્ટ પૈકી એક દિવસે પ્રોજેક્ટ આપ્યે કે 'બાળકો, તમે ભગવાનને પત્ર લખો, તમારા સપના, આશા, અરમાન, પ્રશ્નો, ઘર-પરિવાર, દેશ બદ્ધે બધું લખો. વંદન પણ લખો ને ગુસ્સો પણ લખો... ભગવાન જવાબ આપશે...' લેખના આરંભે લખેલા વાક્યો રમાએ ભગવાનને લખેલા પત્રમાં હતા. પ્રિન્સિપાલે આ એક નહિ, બધા પત્રો વાંચ્યા, પોતાનાથી થાય તેટલા પ્રશ્નો સુધારવામાં બાળકોના જીવનમાં આનંદ ઉલ્લાસ લાવવામાં એ પ્રયત્નશીલ થયા. સહજપણે રમાના પરિવાર અને એના પિતા જોડે સંપર્ક કેળવ્યો, દીકરી રમા સહિત સહુનો વિશ્વાસ સંપાદન કર્યો. રમાના પિતાને વ્યસનોમાંથી છોડાવવાના પ્રયત્નો શરૂ કર્યા. એક પ્લાન એમણે રમા સાથે બનાવ્યો.

વાર્ષિક પરિક્ષાના પ્રથમ દિવસે રમા એના પિતાને પગે લાગી, કહ્યું કે 'તમે જ શાળામાં મુકવા આવો...' શાળાએ પહોંચીને રમાએ કહ્યું, 'પપ્પા, તમે મારા માથે હાથ મુકીને સોગંધ ખાવ કે હવેથી કયારેય તમાકુ કે દારૂને નહિ અડું તો જ હું પરિક્ષા આપીશ.' નહિતર આ હાલી, પરત ઘર તરફ... આખરે પિતાજી માન્યા. સોગંધ ખાધા. વ્યસનો છોડ્યા... આજેએ વાતને વર્ષો થયા. પરિવાર સુખી છે. ખેતીવાડીના કારણે પરિવાર સમૃદ્ધ છે. દીકરી રમા શહેરમાં એન્જીનીયરીંગના છેલ્લા વર્ષમાં ભણે ને કહે છે 'પપ્પા, હું નોકરી કરવા માંડુ એટલે પછી તમારે મહેનત નહિ કરવાની... હું રળીશ ને આપણે મજા કરશું...'

એક દીકરી એના પિતાના વ્યસનો છોડાવે એનાથી વધુ એના માટે સારા સમાચાર બીજા શા હોઈ શકે ? દીકરી પિતાના ખોળે ને ખભે રમી હોય છે બાળપણમાં, અને એ દીકરી જ સમય આવે પિતા માટે મજબૂત ખભો બનીને સાથે ચાલે ત્યારે દીકરી તરીકેનું ગૌરવ એ વધારે છે. બાળપણમાં બાપની આંગળી ઝાલીને નાની નાની પડાલી પાડતી દીકરી પિતાને સાચો માર્ગ બતાવે, પિતા માટે પથદર્શક બને ત્યારે દીકરી હોવાનો - એના અસ્તિત્વનો આનંદ એ અનુભવે છે. એક પિતાને વ્યસનમાંથી મુક્તિ આપવા માટે લાગણી અને બુદ્ધિ થકી આયોજન કરનાર દીકરી સાચ્ચે જ અભિનંદનને પાત્ર છે. આ કામમા સહભાગી થનાર સહુ પણ એટલા જ અભિનંદનના અધિકારી છે. આવા કિસ્સાઓમાં દીકરીનું અજવાળું ઘરમાં ઉજાસ ફેલાવતું દેખાય છે.

●●●

દીકરી દીવા જેવી છે, જે પોતે બળે છે પણ બીજાને પ્રકાશ આપે છે.